જિલ્લા આંકડા અધિકારી અને આયોજન અધિકારી બદલાયા

જિલ્લા આયોજન અધિકારી તરીકે શ્રી ડી.આર. દવેની કરાયેલી નિયુકતી

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર જિલ્લાના આંકડાકીય સેવા સંવર્ગ વર્ગ-૧ના બે અધિકારીઓની બદલીના હુકમો જારી કરવામાં આવ્યા છે. રાજયના સામાન્ય વહીવટ વિભાગે આ સંવર્ગમાં ૮ જેટલા અધિકારીઓની બદલીના હુકમો જારી કર્યા છે.

સરકારે કરેલા હુકમ મુજબ જિલ્લા આંકડા અધિકારી તરીકે ફરજો બજાવતા શ્રી બી.વી. વેદીની બદલી અમદાવાદ જિલ્લા આંકડા અધિકારી તરીકે કરવામાં આવી છે. શ્રી વેદીની નિમણુંક એક વર્ષ પૂર્વે જ થઈ છે. તેમના ટુંકા સમયગાળા દરમિયાન જિલ્લાના તમામ ગામોને ઈ કનેકટીવીટીથી સાંકળી ઈ-ગ્રામ પ્રોજેકટનું અસરકારક અમલીકરણ થઈ રહ્યું છે.

શ્રી વદીએ તેમના આ ટુંકા સમયગાળા દરમિયાન જિલ્લા પંચાયતના મહત્વના પ્રકાશનોમાં પણ મુખ્ય કામગીરી સંભાળી છે આ ઉપરાંત હાલ તેઓ જિલ્લા હિસાબી અધિકારી તેમજ પ્રોગ્રામ ઓફિસર (મહિલા અને બાળ કલ્યાણ)નો વધારાનો હવાલો પણ સંભાળી રહ્યા છે.

સરકારે કરેલા હુકમ મુજબ જિલ્લા આયોજન અધિકારી તરીકે ફરજો બજાવતા શ્રીમતિ બી.બી. ચૌહાણની પણ અમદાવાદ જિલ્લા આયોજન અધિકારી તરીકે બદલી કરવામાં આવી છે. તેમની બદલી પણ ટુંકા સમયગાળામાં થઈ છે.

જિલ્લા આયોજન અધિકારી તરીકે પંચમહાલમાં આયોજન અધિકારીની ફરજો બજાવતા શ્રી ડી.આર. દવેને નિયુકત કરવામાં આવ્યા છે. રાજય સરકારે આંકડાકીય સેવા સંવર્ગમાં એકાએક બદલીના કરેલા આ હુકમો કર્મચારી આલમમાં ચર્ચાસ્પદ બન્યા છે.

દબાણો હટાવવા માટે સરકારની અને તંત્રની ઈચ્છાશકિત નથી : મહેન્દ્રસિંહ

દબાણો દૂર કરવા પગલાં નહિ ભરાય તો જન આંદોલન કરવાની નગરજનોને ફરજ પડશે : મેયર

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરમાં ધાર્મિક દબાણો જોઈ શકિત આ સરકાર શહેરના સ્વાસ્થ્ય માટે જોખમી બનેલ તેમજ શહેર માટે સમસ્યારૂપ બની રહેલ ઝૂંપડપટ્ટીના દબાણો અંગેના મૌનને લઈ આજે મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાએ આકોશ વ્યકત કરી અને આ મુદ્દે જન આંદોલન છેડવા માટેનો વિકલ્પ સ્વીકાર કરવાની ફરજ પડશે તેમ જણાવ્યું છે.

શ્રી રાણાએ જણાવ્યું છે કે શહેરમાં વધતી જતી ઝૂંપડપટ્ટી એ તંત્રોના સુયોગ્ય સંકલનનો અભાવ છે તેને આભારી છે. તેમણે જણાવ્યું કે આ મુદ્દે તંત્ર ગંભીર નથી તે અત્યંત ચિંતાજનક છે ને તેથી જ આ નગર સ્વચ્છ અને સ્વસ્થ બની શકતું નથી.

શ્રી રાણાએ જણાવ્યું હતું કે દબાણની સમસ્યા એ નગરની સમસ્યા છે. આ સમસ્યા માટે રાજનીતિ નહિ પણ સહિયારો પુરુષાર્થ જરૂરી છે. તેમણે જણાવ્યું છે કે રાષ્ટ્રપિતાના નામે વસાવેલા આ નગરની સમસ્યાના ઉકેલ માટે રાજનીતિનો દૃષ્ટિકોણથી નહીં પરંતુ નગરના હિતમાં આગળ આવવું જરુરી છે.

શ્રી રાણાએ જણાવ્યું હતું કે આ મુદ્દે કલેકટર સમક્ષ બધા જ લોકોએ રજૂઆતો કરી છે અને જિલ્લાનાં વડા તરીકે તેમણે સંયુકત બેઠક યોજવાનો દિલાસો આપ્યો છે. પણ બેઠકના આયોજનનો 'અ' પણ હજુ લખાયો નથી. પાટનગર યોજના, વન વિભાગ, મહેસુલ વિભાગ કોઈ જ નક્કર કામગીરી કરતું નથી અને કલેકટરની સૂચનાઓ પછી તંત્ર પણ નઘરોળ બની કુંભકર્ણની નિંદ્રામાં પોઢી જાય છે.

શ્રી રાણાએ જણાવ્યું છે કે ગાંધીનગરની આ સમસ્યાના મૂળમાં જવાનો પ્રયાસ કર્યો નથી તે પણ દુઃખદ છે. ગાંધીનગરની ઝુંપડપટ્ટીની સમસ્યામાંથી મુકત કરવા માટે ધોળાકુવા, ગોકુલપુરા, ફતેપુરામાં વસાહતો અગાઉ સરકારે કરી હતી. આ પછી ઉભી થયેલી સમસ્યાને નાથવાના કોઈ પગલાં લેવામાં આવ્યા નથી તે અત્યંત દુઃખદ છે.

તેમણે જણાવ્યું કે ગાંધીનગર શહેરમાં જે રીતે બાંધકામો ચાલી રહ્યા છે તેને લઈ મજૂરો પરપ્રાંતના અહીં આવી વસ્યા છે. તેઓ બિમારીથી પિડાય છે અને શહેરને રોગચાળો ફેલાવી રહ્યા છે. જેથી આરોગ્ય વિષયક પ્રશ્નો પણ ઉભા થયા છે. તંત્ર દ્વારા અસરકારક પગલાં લેવામાં આવે તે જ સમયની માંગ છે.

મેયરશ્રી રાણાએ જણાવ્યું છે કે આ મુદ્દે એક માસમાં પગલાં નહીં લેવાય તો નાછૂટકે આંદોલન સિવાયનો અન્ય કોઈ વિકલ્પ નથી. તેમણે જણાવ્યું છે કે ખર્ચ દબાણો દૂર કરવાની સત્તાની માંગણી કરી છે તે પણ સરકાર આપતી નથી એટલે નરેન્દ્રભાઈ સત્તા આપતા પણ નથી અને સત્તા વાપરતા પણ નથી એ પાટનગરની પ્રજા માટે અવમાન સિવાય કંઈ જ નથી.

ગાંધીનગરમાં ગુરૂપૂર્ણિમા ધામધૂમથી ઉજવાઈ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરમાં આજે ઠેર ઠેર ગુરુ પૂર્ણિમાની ઊજવણી કરવામાં આવી હતી. ગાંધીનગરના મંદિરોમાં આજે સવારથી જ દર્શન કરવા માટે ભાર ભીડ જોવા મળી હતી.

સેક્ટર-૨૨ પંચદેવ મંદિરે આજે સવારથી ભક્તોની ભારે ભીડ પૂજ્ય શાસ્ત્રીજીના દર્શન માટે ઉમટી હતી. સવારે મંગળા આરતી અને ધાર્મિક કાર્યક્રમમાં ભાગ લેવા માટે ભક્તો સવારથી મંદિરે આવી પહોંચ્યા હતા. ભગવાનના અને પૂજ્ય શાસ્ત્રીજીના દર્શન કરીને ભાવિકો ધન્યતા અનુભવતા હતા. તેવી જ રીતે સેક્ટર-૩૦ના ઝુલેલાલ મંદિરમાં પણ માનવ મહેરામણ ગુરુપૂર્ણિમા હોવાથી ઉમટ્યો હતો. ઝુલેલાલ મંદિરમાં સવારે ૫.૦૦ કલાકે આરતી, પાઠપૂજા ત્યારબાદ પાદુકાપૂજન સેક્ટર-૧૭ હનુમાનજીના મંદિરે પણ દર્શનાર્થીઓની ભારે ભીડ જોવા મળી હતી. ગુરુપૂર્ણિમા અને મંગળવારનો સુંદર સમન્વય થતા આજે હનુમાન ભકતો હનુમાનજીના દર્શન કરીને ખુશખુશાલ જણાતા હતા. પૂજારીજીના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા.

સેક્ટર-૧૬ સોમનાથ મહાદેવ મંદિરે પણ ગુરુપૂર્ણિમા હોવાથી ભાવિકો એકત્ર થયા હતા. મહાદેવજીના દર્શન કરી અને પૂજારીજીના આશીર્વાદ મેળવ્યા હતા.

આમ ગાંધીનગરાઓએ મંદિરોમાં જઈ શ્રદ્ધાપૂર્વક ગુરુપૂર્ણિમાનો ઉત્સવ ભારે ધામધૂમપૂર્વક ઉજવ્યો હતો.

ચિલોડામાં લોખંડની એંગલ પડતા યુવાનને ગંભીર ઈજા

ગાંધીનગર, તા. ૩

ચિલોડા સ્થિત અશ્વમેધ કોમ્પ્લેક્ષમાં હાથ ધરાયેલ મોબાઈલ ટાવરની કામગીરી દરમિયાન આજે બપોરે કામ કરતા એક વ્યક્તિ પર લોખંડની એંગલ પડતા તેને ગંભીર ઈજાઓ થવા પામી હતી.

ચિલોડા ખાતે આવેલ અશ્વમેધ કોમ્પ્લેક્ષમાં મોબાઈલ ટાવરના ટેસ્ટીંગનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન બપોરના સમયે અચાનક લોખંડની એંગલ નીચે કામ કરતા ૩૫ વર્ષીય બાલકૃષ્ણ બાબુભાઈ નારાયણભાઈ જહા પર પડતા તેમને ગંભીર ઈજાઓ થવા પામી હતી. ઈજાગ્રસ્ત યુવાનને તાત્કાલિક સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાંથી વધુ સારવાર માટે તેને ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા છે. બનાવ સંદર્ભે ચિલોડા પોલીસ સ્ટેશનના જમાદાર કાન્તિભાઈએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આજે સેકટર-૩-સીમાં આનંદનો ગરબો યોજાશે

ગાંધીનગરના સેકટર-૩-સીમાં પ્લોટ નં. ૪૯૭/૨, જયશ્રીબેન ડી. દાણીના નિવાસસ્થાને આજે બપોરે ૩ થી ૫ કલાક દરમિયાન માઈ મંડળ દ્વારા આનંદનો ગરબો ગવાશે. નગરજનોને તેનો લાભ લેવા ખાસ જણાવાયું છે.

શાક માર્કેટમાંથી પર્સ-મોબાઈલ ચોરતો ગઠીયો ઝડપાઈ ગયો

અમદાવાદની બે યુવતિ સાથે રીક્ષામાં ગાંધીનગર આવી સે. ૨૪ માર્કેટમાંથી ચોરી કરાવતો હતો

ગાંધીનગર, તા. ૩

અમદાવાદની બે યુવતિઓને રીક્ષામાં બેસાડી શહેરના સે. ૨૪ શાકમાર્કેટ સહીતના વિસ્તારમાં ચોરીના ગુના આચરતા એક ઈસમને એલ.સી.બી. પોલીસે ઝડપી લીધો છે.

જિલ્લામાં મિલ્કત સંબંધી ગુનાઓ અટકાવવા જિલ્લા પોલીસ વડા અર્ચાના શિવહરેના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. પોલીસે ઈન્સ્પેકટર એમ. જે. સોલંકી તેમજ તેમના સ્ટાફે શહેરી વિસ્તારમાં ચુસ્ત પેટ્રોલીંગ હાથ ધર્યું છે. એલ.સી.બી. સ્ટાફના પોલીસ સબ ઈન્સ્પેકટર એન. એ. વાઘેલા, એ.એસ.આઈ. રામાજીએ ખાનગી બાતમીના આધારે ગઈકાલે સે. ૨૧ રાજશ્રી સિનેમા પાસે વોચ ગોઠવી હતી. આ દરમિયાન પોલીસે શકમંદ સી.એન.જી. રીક્ષા નંબર-જીજે-૧-સી.જી.-૭૭૮૮ સાથે પ્રદિપ કળીરામલ તુવાણી (રહે. ભદ્રેશ્વર સરદારનગર અમદાવાદ)ને પકડી તેની સઘન પૂછતાછ હાથ ધરી હતી. આરોપીની ઉંડાણપૂર્વકની પૂછતાછ દરમિયાન આરોપી પોતાની રીક્ષામાં અમદાવાદના કુબેરનગર વિસ્તારમાં રહેતી નીતા ઉર્ફે લંગડી દ્વારા તથા તેની બહેન સુનીતા સાથે ગાંધીનગરમાં આવતો હોવાનું માલુમ પડ્યું હતું. જ્યારે આ બન્ને યુવતિની સાથે મળી સે. ૨૪ શાકમાર્કેટ વિસ્તારમાંથી પર્સ, મોબાઈલ, સોના ચાંદીના દાગીનાની ચોરી કરતા હતા. આ ગુનાઓ સંદર્ભે આરોપીઓએ પોલીસ સમક્ષ કબુલાત પણ કરી હતી. જ્યારે પોલીસે આરોપીઓ પાસેથી ચોરીનો મોબાઈલ ફોન પણ કબજે લીધો છે. આ મામલે સે. ૨૧ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગરના તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા. ૩

સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગરના પ્રમુખ નરેન્દ્ર વ્યાસે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, સેક્ટર-૨૩, બ્રહ્મ સમાજના તેજસ્વી તારલાઓને પ્રોત્સાહિત કરવા ઈનામ વિતરણનો કાર્યક્રમ તા. ૧૨મી ઓગષ્ટ રવિવારે સવારે ૯ થી ૧૨ વાગ્યા દરમિયાન યોજાશે.

ગાંધીનગરના સમસ્ત બ્રહ્મ સમાજ સેક્ટર-૨૩ના પરિવારોના વિદ્યાર્થીઓની માર્કશીટની નકલ ફોર્મ ભરીને સમાજના કારોબારી સભ્યોને તા. ૨૫મી જુલાઈ-૨૦૧૨ સુધીમાં પહોંચતી કરવા જણાવાયું છે. બાળકોને આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેવા માટે ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. ભાગ લેવા ઈચ્છતા ઉમેદવારોએ પ્રમુખ નરેન્દ્ર વ્યાસને પોતાના નામ નોંધાવી દેવા જણાવાયું છે. શ્રાવણ માસ દરમિયાન શિવ મહિમ્ન પાઠની નોંધણી વહેલા તે પહેલાના ધોરણે ચાલુ થઈ ગઈ છે જે ભાવિક ભક્તે પાઠ કરાવવા હોય તેઓએ પણ નામ નોંધાવી દેવા.

મને તો માત્ર જરૂરીયાતમંદોની દુઆ-શુભેચ્છાના જ અરમાન છે...

છેલ્લા બે દાયકાથી વિકલાંગો-વિધવાઓને માર્ગદર્શન આપવાની કામગીરીમાં જોતરાયેલા ઈનાયતઅલી સૈયદ સાચા અર્થમાં વિકલાંગો-નિરાધારો માટે પથદર્શક બન્યા છે

આંત્રોલી જેવા નાનકડા ગામમાં રહેતો યુવાન માત્ર માનવતા અને લાગણીના સંબંધે ગામના જ એક અંધ યુવાનને અમદાવાદના અંધજન મંડળમાં શિક્ષણ અને વ્યવસાયલક્ષી તાલીમ અપાવે છે અને તે અંધ યુવાનની જીવનની દિશા જ બદલાઈ જાય છે. આ પ્રસંગ બાદ વિકલાંગો, અશક્તો અને નિરાધાર વિધવા મહિલાઓને એક પણ પૈસો લીધા વિના માર્ગદર્શન આપવાનું, દિશા ચિંધવાનું કામ શરૂ થાય છે.

આંત્રોલીના અંધ યુવાનની જીંદગી બનાવવામાં મહત્વની ભૂમિકા અદા કરનાર ઈનાયતઅલી સૈયદ હવે સરકારી નોકરીમાંથી નિવૃત્ત થઈ ગયા છે પરંતુ અશક્તો-વિકલાંગોને માર્ગદર્શન આપવાની, તેમને રાહ ચિંધવાની ફુલટાઈમ નોકરીમાં જોતરાઈ ગયા છે. હાલમાં સેક્ટર-૨૯માં રહેતા ઈનાયતઅલી માટે વિકલાંગો-અશક્તોની દુવા આશીર્વાદ અને શુભેચ્છાઓ જ વળતર સ્વરૂપ છે.

રાજ્યના લાખો વિકલાંગો-અશક્તો સાથે શુદ્ધ માનવતાના સંબંધથી જોડાયેલા ઈનાયતઅલી સૈયદ કહે છે કે 'વર્ષો અગાઉ અમારા ગામના અંધ યુવાનને સ્વનિર્ભર બનાવવામાં જે કાંઈ થોડી ઘણી મદદ કરી તે પછી મનમાં એવું થયું કે આ યુવાન જેવા તો અનેક અશક્ત યુવાનો છે, જેઓ પગભર થઈ શકે છે તેમને જરૂર છે માત્ર યોગ્ય રાહ ચિંધવાની પછી તો વિધાનસભાની સરકારી નોકરીમાં જોડાયેલા ઈનાયતઅલીએ આ દિશામાં કામ કરવાનું શરૂ કર્યું. તેમની ઓફિસમાં અનેક લોકો યોજનાકીય માહિતી માટે તેમની પાસે આવતા. જુદા જુદા વિભાગોની કલ્યાણકારી યોજનાઓની માહિતી તેમણે તૈયાર કરી અને જેમને જરૂર હોય તેમને આપતા. ૧૯૯૫ના વર્ષમાં સચિવ શ્રી એચ.પી. જામદારના ધ્યાને ઈનાયતઅલી સૈયદની આ પ્રવૃત્તિ આવી અને તેમણે ઈનાયતઅલીએ સંકલિત કરેલુ વિકલાંગોને ઉપયોગી સાહિત્ય પુસ્તક સ્વરૂપે પ્રસિદ્ધ કરવાનું નક્કી કર્યુ. લાગણીના સંબંધે જોડાયેલ શ્રી જામદારે અપંગનો ભોમિયો પુસ્તક છાપવામાં ઈનાયતઅલીની સહાય કરી અને તેની નકલોનું સમગ્ર ગુજરાતમાં વિતરણ કરાવ્યું.

જ્યારે આટલી સારી પ્રવૃત્તિ થઈ રહી હોય ત્યારે તેમાં લોકો ધીમે ધીમે માનવતાના સંબંધે જોડાતા જ જાય છે. ઈનાયતઅલી સૈયદને પણ આવા જાણ્યા-અજાણ્યા ઘણાં લોકોનો સહયોગ મળ્યો. વિકલાંગો માટે ઉપયોગી સાહિત્ય વધુમાં વધુ એકત્ર થતુ ગયુ. ગુજરાત રાજ્યના માહિતી ખાતાએ ઈનાયતઅલી સૈયદે સંકલિત કરેલુ વિકલાંગો માટેની વિવિધ કલ્યાણકારી યોજનાઓનું પુસ્તક અને તેની આવૃત્તિઓ સમયાંતરે બહાર પાડી હમણાં જ 'ઊજળી દિશા'ના નામે વિકલાંગો માટેની કલ્યાણકારી યોજનાઓને સંપુટ પુસ્તક સ્વરૂપે માહિતીખાતાએ પ્રસિદ્ધ કર્યો છે. દરેક જિલ્લા માહિતી કચેરી ખાતે આ પુસ્તક

વિકાલાંગોને વિનામૂલ્યે મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. તેનો ઈનાયતઅલીને ખુબ આનંદ છે. આ પુસ્તકોનો લાભ લઈ ચુકેલા અનેક વિકલાંગો અને તેમના વાલીઓ સાથે ટેલીફોનિક સંવાદનો સંબંધ બાંધવામાં ઈનાયતઅલી સફળ રહ્યા છે. ૭૨ વર્ષની ઉંમરે પણ એકદમ તંદુરસ્ત અને આખો દિવસ કામમાં વ્યસ્ત રહેતા ઈનાયતઅલી કહે છે કે 'અલ્લાહના રહેમોકરમથી અત્યાર સુધી ચાર હજાર જેટલા વિકલાંગો અને વિધવા બહેનોને રૂબરૂ મળી માર્ગદર્શન આપવાનો મોકો મળ્યો છે. મારી પાસે જે જાણકારી-જ્ઞાન છે તે આપી તેમને રાહ ચિંધવામાં મને ખુબ આનંદ મળે છે. આપણે ભલે તેમને આર્થિક રીતે સીધા જ મદદરૂપ ન થઈ શકીએ પરંતુ જાણકારી જ્ઞાન થકી મદદ તો જરૂર પહોંચાડી જ શકીએ છીએ. વિકલાંગો-વિધવા મહિલાઓને વિનામૂલ્યે માર્ગદર્શન મળી રહે તેવો પ્રયત્ન સતત કરૂ છુ અને અલ્લાહ મને તે કામ કરવાની શક્તિ આપે છે તે મારા માટે પુરતુ છે.' તેમ કહી તેઓ આ કામગીરીમાં મદદરૂપ થનારા વ્યક્તિઓ, વિભાગો અને વાચકોનો આભાર માને છે.

સંબંધ સજાવે જિંદગી

અમારા પથદર્શક

- તબસ્સુમ પઠાણ

gsrelation@yahoo.com

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૭

સૂર્યાસ્ત : ૭.૨૯

તાપમાન

મહત્તમ : ૩૮.૮ ડિ.સે.

લઘુત્તમ : ૨૯.૨ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૨ ટકા ● સાંજે ૪૫ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :

મેક્ષીમમ : ૧.૧૫, ૩.૩૦, ૫.૪૫, ૭.૪૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :

ધ અમેઝીંગ સ્પાઈડરમેન (હિન્દી) : ૧૦.૦૦,૧૨.૩૦,૩.૦૦, ૮.૦૦, ૧૦.૩૦

ધ અમેઝીંગ સ્પાઈડરમેન (અંગ્રેજી): ૫.૩૦

: સ્ક્રીન-૩ :

ફરારી કી સવારી : ૧૧.૩૦

તેરી મેરી કહાની : ૨.૧૫, ૪.૩૦, ૧૦.૦૦

રાઉડી રાઠોડ : ૬.૪૫

: સ્ક્રીન-૪ :

મેક્ષીમમ : ૧૦.૦૦

ગૈન્સ ઓફ વાસાઈપુર : ૧.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

તેરી મેરી કહાની : ૨.૦૦

રાઉડી રાઠોડ : ૪.૦૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

કેવી રીતે જઈશ : ૮.૦૦

ધ અમેઝીંગ સ્પાઈડરમેન -૩ડી(હિન્દી) : ૧૦.૪૫,૧.૩૦,૪.૧૫, ૭.૦૦, ૯.૪૫

: સ્ક્રીન-૨ :

ધ અમેઝીંગ સ્પાઈડરમેન -૩ડી(હિન્દી) : ૯.૧૫,૧૨.૦૦, ૨.૪૫, ૫.૩૦, ૮.૧૫

: સ્ક્રીન-૩ :

મેક્ષીમમ : ૯.૦૦, ૪.૪૫

તેરી મેરી કહાની : ૧૧.૦૦

ગૈન્સ ઓફ વાસાઈપુર : ૧.૩૦, ૯.૩૦

રાઉડી રાઠોડ : ૬.૪૫

: સ્ક્રીન-૪ :

ફરારી કી સવારી : ૯.૩૦, ૨.૪૫, ૮.૦૦

રાઉડી રાઠોડ : ૧૨.૦૦

તેરી મેરી કહાની : ૫.૩૦, ૧૦.૪૫

સૂર્યા, વાવોલ

આખા જગતથી નિરાળી મારી સાજણા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

લવ- સેક્સ ઔર મલ્ટીપ્લેક્ષ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : આપને આજે વરિષ્ઠવ્યક્તિઓ તથા નીતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે. આવકનાં સ્ત્રોતથી લાભ પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે.

વૃષભ : કર્મક્ષેત્રમાં વિશેષ ઉપલબ્ધિઓ અને નવા કાર્યોનો યોગ બની રહ્યો છે. વ્યાવસાયિકક્ષેત્રે ભાગીદારી, કૌટુંબિક વિવાદો, વેગેર જેવી સમસ્યાઓ માટે ભાગ્યવર્ધક યાત્રાનો યોગ બની રહ્યો છે.

મિથુન : આપને આજે આર્થિક ક્ષેત્રમાં શોધ સંબંધી કાર્યો થવાની સંભાવના છે. વિવાદિત આર્થિક પ્રકરણોને સંયમપૂર્વક ઉકેલવા જોઈએ. રોકાણ વગેરે માટે સમય યોગ્ય નથી.

કર્ક : લગ્નવાંચ્છુકો માટે જીવનસાથી પસંદગીનો યોગ પ્રબળ બને છે. કુટુંબમાં શુભ મંગળ કાર્યનું આયોજન થઈ શકશે. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રમાં ભાગીદારી માટે ઉત્તમ સમય.

સિંહ : આપને કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓનું નિરાકરણ હેતુસર યાત્રા અને ભાગદોડ થઈ શકે છે. વિવાદિત કાર્યોમાં કોઈપણ પ્રકારની ઉતાવળએ આપને માટે હિતકારી નથી.

કન્યા : આધ્યાત્મિક સંબંધી કાર્યોમાં વિશેષ લાભ પ્રાપ્તિ થઈ શકે છે. ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કલાત્મક શિક્ષાના કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

તુલા : જ્ઞાન, શિક્ષણ સંબંધી સામાજિક કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. ધાર્મિક લોકો માટે અત્યંત ઉપલબ્ધિ કારણ સમય છે. જ્ઞાનવર્ધક કાર્ય થશે.

વૃશ્ચિક : વ્યાપાર- વ્યવસાય સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય થઈ શકે છે. પવિત્ર તીર્થસ્થાનોની યાત્રા કરશો, શુભ મંગળ પ્રસંગોમાં યાત્રા થશે.

ધન : વ્યવસાયક્ષેત્રે આર્થિક સ્ત્રોતોથી લાભ પ્રાપ્તિ થઈ શકે છે. રાજકીય સ્ત્રોતથી ધન પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. વિશિષ્ટ ખાનપાનનો યોગ. સંચિત ધન વૃદ્ધિનો યોગ.

મકર : આખો દિવસ મનોરંજન કલા આમોદ- પ્રમોદના કાર્યોમાં પસાર થશે તથા તેમાં રુચિ જાગૃત થશે. સાહિત્ય જગતના લોકો માટે ઉપલબ્ધિ કારક સમય. શુભ શારીરિક સુખ પ્રાપ્તિનો યોગ.

કુંભ : કુટુંબ સંબંધી વિવાદ માનસિક કષ્ટનું કારણ બની શકે છે. આર્થિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થવાનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં પ્રતિષ્ઠાના યોગ.

મીન : એજ્જિનિયર, ટેકનોલોજી કર્મીઓ માટે ઉપલબ્ધિ ભાગ્યવર્ધક કાર્યો માટે યાત્રા પ્રવાસનો યોગ બની રહ્યો છે. ધર્મ, આધ્યાત્મના કાર્યોમાં યાત્રા થશે.

ચિરવિદાય

● સ્વ. વાલીબેન ભોળાભાઈ સોલંકી (ઉ.વ. ૯૫) બ્લોક નં. ૪૪૮, ગાયત્રી સોસાયટી, સેકટર-૨૭, ગાંધીનગર.